RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 12, Dt.22-4-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોનાનો ભાવ અધધ...૧ લાખને આંબ્યો

## આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું રેકોર્ડ ઊંચાઈ પરઃ ભારતીય માર્કેટમાં વધુ ૨૬૦૦ રૂપિયાનો ઉછાળો : ઝવેરીઓ – ગ્રાહકો સ્તબ્ધ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સોનામાં સટ્ટો હોય કે વાસ્તવિક ઉછાળો પણ તેજી આંધીરૂપ બની છે અને ભાવમાં આજે પણ બેફામ વૃધ્ધિ જોવા મળી હતી. વિશ્વ બજારમાં સોનાનો ભાવ 3400 ડોલરવાળો ૩૫૦૦ ડોલરની નજીક પહોંચી ગયો હતો. રાજકોટ-ભારતીય માર્કેટમાં પ્રતિ ૧૦ ગ્રામ ૨૬૦૦ નો ઉછાળો નોંધાયો હતો.

સામાન્ય રીતે શેરબજારમાં મોટી ઉથલપાથલ થતી હોય છે. પરંતુ તેને પણ ભુલાવે તેવી તેજી સોનામાં જામી હોય તેમ રોજેરોજ નવા ઉંચા ભાવ જોવા મળી રહ્યા છે. વર્લ્ડ માર્કેટમાં ગઈકાલે સાંજે સોનું 3400 ડોલરને આંબ્યુ હતું હવે રાતોરાત ૩૫૦૦ ડોલરની નજીક પહોંચ્યુ હતું આજે સવારે ઉંચામાં ૩૪૯૪ ડોલર થઈને ૩૪૮૮ ડોલર બોલાતુ હતું. ચાંદીનો વૈશ્વિક ભાવ ૩૨.૮૨ ડોલર હતો.

રાજકોટમાં સોનું ગઈકાલે એક લાખ રૂપિયાને વટાવી ગયુ હતું. આજે વધુ ઉંચકાયું હતું અને ભાવ ૧,૦૨,૨૦૦ પર પહોંચ્યો હતો ગઈકાલની સરખામણીએ ૨૬૦૦ રૂપિયાનો ભાવ વધારો હતો. સોનામાં બેફામ તેજી વચ્ચે ચાંદીમાં કોઈ મોટી મુવમેન્ટ ન હતી ભાવ મામુલી ૨૫૦ રૂપિયાના વધારાથી ૯૮૭૫૦ સાંપડયો હતો.

વેપારીઓનાં કહેવા પ્રમાણે સોનામાં તેજી પાછળ અનેક કારણો જવાબદાર છે. ડોલર



તૂટવા લાગતા તેના બદલે સોનામાં રોકાણનો ટ્રેન્ડ વધ્યો છે.ટેરિફ-ટ્રેડવોરમાં નવા-નવા વળાંક આવતા હોવાથી પરિસ્થિતિ થાળે પડતા વાર લાગશે તેવી આશંકાનો પ્રત્યાઘાત હતો.ચીન સહિત દુનિયાભરની સેન્ટ્રલ બેન્કોની ખરીદી, બબ્બે યુદ્ધ તથા અન્ય ભૌગોલીક ટેન્શન, અમેરિકામાં વ્યાજદર ટ્રમ્પ અને ફેડરલ રિઝર્વ વચ્ચે ખટરાગ તથા અર્થતંત્રમાં સ્લોડાઉનની શંકા, ટ્રેડવોર વચ્ચે ચીનના નવા પડકાર સહિતના કારણોથી તેજી બેફામ બની છે.

સોનાનાં ભાવમાં બેફામ તેજી છે. ભાવ એક લાખની સપાટીને પાર થઈ ગયો છે. ૨૦૨૫ નું ચાલુ કેલેન્ડર વર્ષ સોના માટે નગોલ્ડનથ બન્યુ હોય તેમ અત્યાર સુધીમાં ૨૮ ટકાથી વધુનો ભાવ વધારો થઈ ગયો છે.

૧૦ ગ્રામ દીઠ અંદાજીત ૨૩૫૦૦ રૂપિયા વધી ગયા છે.ઝવેરીઓથી માંડીને ગ્રાહકોમાં સોનાની આ તેજીથી સોંપો છે અને રીટેઈલ માર્કેટમાં પણ જોરદાર તેજી છે.

## અમરેલીમાં ખાનગી વિમાન દુર્ઘટનાગ્રસ્તઃ એકનું મોત

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલીના ગિરિયા રોડ ઉપર રહેણાંક વિસ્તારમાં એક દુર્ઘટના બની છે, જ્યાં ખાનગી કંપનીના પાઈલોટ ટ્રેનિંગ સેન્ટરના પ્લેનનું ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે. પ્લેન ક્રેશ થયા પછી બ્લાસ્ટ થયો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગની ટીમ અને પોલીસ તંત્ર સહિતનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો, જ્યાં તેમણે બચાવ કામગીરી શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ મહેસાણાના એક ગામની સીમમાં



પણ પ્લેન ક્રેશ થયું હતું. આ પ્લેન, જે ખાનગી કંપની દ્વારા ચલાવવામાં આવતું હતું, પાઈલોટ ટ્રેનિંગ માટે ઉપયોગમાં લેવાતું હતું. દુર્ઘટનામાં માત્ર એક જ વ્યકિત સવાર હતો, જે દુર્ભાગ્યવશ જીવ ગુમાવ્યો હતો.

પ્લેન ક્રેશના કારણો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે, અને અધિકારીઓ ઘટનાની વિગતવાર તપાસ કરી રહ્યા છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ચિંતા વ્યાપી રહી છે, અને અધિકારીઓએ સુરક્ષા વ્યવસ્થાઓને વધુ મજબૂત બનાવવાની ખાતરી આપી છે.

## કૈલાસ માનસરોવરની યાત્રા જુલાઈથી શરૂ


### દિલ્હીમાં વિદેશ મંત્રાલય અને ચીનના અધિકારીઓ સાથેની બેઠકમાં નિર્ણય

**મુખ્ય સમાચાર,હલદ્વાની**

કૈલાસ માન સરોવર યાત્રા આ વખતે જુલાઈ માસથી શરૂ થશે. સોમવારે દિલ્હીમાં યોજાયેલી વિદેશ મંત્રાલય, કુમાઉ મંડલ વિકાસ નિગમ (કેએમવીએન), સિકકીમ ટુરીઝમ અને ચીનના અધિકારીઓની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠકમાં નિગમના અધિકારીઓએ જૂન સુધીમાં બધી તૈયારીઓ પુરી કરવાની વાત કરી હતી. બેઠકમાં ભારતીય સેના, આઈટીબીપીના અધિકારીઓની સાથે સ્વાસ્થ્ય વિશેષજ્ઞ પણ હાજર હતા.

આ બેઠકમાં ચીનના અધિકારીઓ તરફથી જૂનના બદલે



જુલાઈથી યાત્રા શરૂ કરવા પર સહમતી સધાઈ હતી, નિગમનુ ફોકસ કૈલાસ માન સરોવરની યાત્રાને વધુ સુવિધાજનક બનાવવા પર છે.

યાત્રા દરમિયાન દરેક વયના લોકો માટે અલગ અલગ ડાયેટ પ્લાન વિશેષજ્ઞોની મદદથી તૈયાર કરાશે, જે યાત્રા દરમિયાન ઉર્જા આપનાર અને પચવામાં સરળ હશે.

## પાણીના એક-એક ટીપા માટે તડપશે લોકોઃ નિષ્ણાતોની ચેતવણી

### ૧૨ મુખ્ય નદી ખીણોમાં સામાન્ય કરતાં ઓછી હિમવર્ષા નોંધાઈ : ભૂગર્ભજળ પર નિર્ભરતા વધશે અને દુષ્કાળનું જોખમ વધશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ક્લાઈમેટમાં સતત પરિવર્તનને કારણે સમગ્ર વિશ્વમાં તાપમાન ઝડપથી વધી રહ્યું છે. જેના કારણે બરફનો હિસ્સો પણ ઘટી રહ્યો છે. આ દરમિયાન સોમવારે પ્રકાશિત થયેલા એક નવા રિપોર્ટમાં જણાવાયું છે કે, હિન્દુ કુશ હિમાલય (HKH) ક્ષેત્રમાં બરફનું આવરણ અથવા સામાન્ય રીતે નવેમ્બર અને માર્ચ વચ્ચે જમીન પર રહેતો બરફ ઘટયો છે. તે સામાન્ય સ્તર કરતાં ૨૩.૬ ટકા ઓછું હતું, જે છેલ્લા ૨૩ વર્ષમાં સૌથી નીચો રેકોર્ડ છે.

ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટિગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ (ICIMOD)ના ૨૦૨૫ણ્ધ્ણ તાો અપડેટ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સમગ્ર -દેશમાં સામાન્ય કરતાં ઓછી મોસમી હિમવર્ષા નોંધાઈ છે, આ સતત ત્રીજા વર્ષે છે. શિયાળાના મહિનાઓ દરમિયાન સામાન્ય રીતે જમીન પર રહેતો બરફ ઝડપથી પીગળી રહ્યો છે અથવા જરૂરી માત્રામાં પડી રહ્યો નથી. આ પીગળતો બરફ નદીઓ માટે પાણીનો એક મહત્વપૂર્ણસ્રોત છે.સમગ્ર પ્રદેશમાં બરફના લેવલમાં તીવ્ર ઘટાડો ભારત અને પડોશી દેશોમાં લગભગ બે અબજ લોકોને પાણી પુરવઠા પર ગંભીર અસર કરી શકે છે. ICIMODના ડિરેક્ટર જનરલ પેમા ગ્યામત્સોએ જણાવ્યું કે, કાર્બન ઉત્સર્જન પહેલાથી જ



HKHમાં પુનરાવર્તિત બરફ વિસંગતતાઓના એક બદલી ન શકાય તેવા ક્રમમાં બંધ થઈ ગયું છે. ગ્યામત્સોએ વધુમાં જણાવ્યું કે,“આ પ્રાદેશિક બરફ સંકટ અને તેનાથી ખોરાક, પાણી અને ઉર્જા સ્થિતિસ્થાપકતા સામે ઉભા થતા પડકારોનો સામનો કરવા માટે, આપણે તાત્કાલિક વિજ્ઞાન-આધારિત, ભવિષ્યલક્ષી નીતિઓ તરફ એક આદર્શ પરિવર્તન અપનાવવાની જરૂર છે, જેમાં સરહદ પારના પાણી વ્યવસ્થાપન અને ઉત્સર્જન ઘટાડા પર નવેસરથી પ્રાદેશિક સહયોગનો સમાવેશ થાય છે”

ICIMODના રિમોટ સેન્સિંગ નિષ્ણાત અને રિપોર્ટના ચીફ નિષ્ણાત શેર મુહમ્મદે જણાવ્યું કે,“આપણે સતત આવી અછતની પરિસ્થિતિઓ જોઈ રહ્યા છીએ. આ એક ખતરનાક વલણ છે.

જો કે, અમારા તારણો સમગ્ર પ્રદેશનું વ્યાપક ચિત્ર પૂરું પાડે છે, પરંતુ પ્રત્યેકને તેના નદીના તટપ્રદેશની ચોક્કસ પરિસ્થિતિઓના આધાર પર કાર્ય કરવું જોઈએ, ખાસ કરીને જ્યાં મોસમી બરફ પીગળવાનો મુખ્ય પાણીનોસ્રોત હોય છે.

## ૫૦૦ રૂપિયાની નકલી નોટો બજારમાં ફરતા કેન્દ્ર એલર્ટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બનાવટી ચલણી નોટનાં દુષણને ડામવા માટે સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલાઓ વચ્ચે હવે ચોંકાવનારી રીતે નકલી નોટો ફરવા લાગી છે. ખુદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા હાઈએલર્ટ જારી કરવામા આવ્યુ છે જે અંતર્ગત નકલી નોટો પણ અસલ અસલી નોટો જેવી જ દેખાતી હોવાનું જણાવવામાં આવ્યુ છે. કાગળ અને પ્રિન્ટીંગ પણ અસલી જેવા જ છે અને એકમાત્ર સ્પેલીંગ ભુલના આધારે જ તેની ઓળખ થતી હોવાથી સાવધાની રાખવા સુચવાયું છે.

ગૃહ મંત્રાલયે બજારમાં આવેલી નકલી નોટો અંગે ચેતવણી જારી કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય એ હાઈ એલર્ટ જારીને જણાવ્યું કે બજારમાં ૫૦૦ રૂપિયાની નકલી નોટો આવી ગઈ છે, જે એકદમ અસલી નોટ જેવી જ દેખાય છે. ગૃહ મંત્રાલયે આ અંગે ચિંતા વ્યક્ત કરીને હાઈ એલર્ટ પણ જારી કર્યું છે.

ગૃહ મંત્રાલય અનુસાર, ૫૦૦ રૂપિયાની નકલી નોટો અસલી નોટો જેવી જ દેખાય છે. પહેલી નજરે અસલી અને નકલી વચ્ચે ફરક શોધવો મુશ્કેલ છે. પરંતુ ખઈઅ એ કેટલાક એવા નિશાન જણાવ્યા છે, કે જેની મદદથી નકલી નોટો ઓળખવી સરળ છે. નકલી નોટો ઓળખવા માટે સરકારે સૂચવેલા નિશાનની મદદથી, અસલી અને નકલી નોટો વચ્ચે તફાવત શોધી શકાય છે.

ગૃહ મંત્રાલયે સોમવારે બજારમાં પહેલાથી જ ચલણમાં આવી ગયેલી ૫૦૦ રૂપિયાની નકલી નોટો અંગે ’હાઈ એલર્ટ’ જારી કર્યું છે. આ એલર્ટ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ, ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા અને અન્ય મુખ્ય નાણાકીય અને નિયમનકારી સંસ્થાઓને આપવામાં આવ્યું છે.

આમાં અસલી અને નકલી નોટો વચ્ચેના ભેદ વિશે પણ માહિતી આપવામાં આવી છે. એક અહેવાલમાં આપવામાં આવેલી માહિતી અનુસાર, નકલી નોટો ૫૦૦ રૂપિયાની અસલી નોટો સાથે આશ્ચર્યજનક સામ્યતા ધરાવે છે. માત્ર એક મામૂલી અંગ્રેજી શબ્દની ભૂલ તેમને ઓળખવામાં મદદ કરે છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે, નકલી નોટો અસલી ૫૦૦ રૂપિયાની



નોટો જેવી જ દેખાય છે. પરંતુ, નકલી નોટોમાં RESERVE BANK OF INDIAના સ્પેલિંગમાં એક ભૂલ છે, જેના કારણે તેને સરળતાથી ઓળખી શકાય છે. ૫૦૦ રૂપિયાની નકલી નોટમાં RESERVE BANK OF INDIA“p RESERVE માં E ને બદલે અ ભૂલથી લખી દેવામાં આવ્યું છે. એક અહેવાલમાં એક વરિષ્ઠ સરકારી અધિકારીને ટાંકીને જણાવ્યું કે, “બારીકાઈથી ચેક ન કરવામાં ન આવે તો આ નાની ભૂલ ધ્યાન બહાર રહી શકે છે, જેના લીધે આ નકલી નોટો ખાસ કરીને ખતરનાક બની જાય છે.” નાણાકીય સંસ્થાઓ, બેંકો અને સંબંધિત એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

## ૧૦ વર્ષથી વધુ વયના બાળકોને સ્વતંત્ર રીતે બચત સાથે જમા ખાતુ ખોલવી શકશેઃ RBI

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય રિઝર્વ બેન્કે સોમવારે બેન્કોને ૧૦ વર્ષથી વધુ વયના સગીર બાળકોને સ્વતંત્ર રીતે બચત/સમયગાળા સાથે જમા ખાતુ ખોલવાની મંજુરી આપી છે. કેન્દ્રીય બેન્કે આ સંદર્ભમાં સગીરોનાં જમા ખાતા ખોલવા અને સંચાલન પર સંશોધિત નિર્દેશ જાહેર કર્યા છે.

આરબીઆઈએ વાણિજિયક બેન્કો અને સહકારી બેન્કોને ઈસ્યુ કરેલ એક પરિપત્રમાં કહ્યું છે કે, કોઈપણ વયના સગીરોને પોતાના પ્રાકૃતિક કે કાનુની વાલીના માધ્યમથી બચત અને ફિકસ્ડ ડિપોઝીટ જમા ખાતુ ખોલવા અને સંચાલીત કરવાની મંજુરી આપી શકાય છે. બાળકને



પોતાની માને વાલી તરીકે રાખીને પણ આવા ખાતા ખોલવાની મંજુરી આપી શકાય છે.

કેન્દ્રીય બેન્કે બેન્કોને જણાવ્યું છે કે, તે એક જુલાઈ ૨૦૨૫ સુધી સંશોધીત દિશા-નિર્દેશો અનુરૂપ નવી નીતિઓ બનાવે અથવા હાલની નીતિઓમાં સંશોધન કરે આ પ્રકારનાં ખાતામાં બેન્ક પોતાની જોખમ વ્યવસ્થાપન નીતિને ધ્યાનમાં રાખીને રકમ અને શરતો નકકી કરી શકે છે.

આ બારામાં જે પણ નિયમ અને શરતો નકકી કરવામાં આવ્યુ છે તેના બારામાં જે પણ નિયમ અને શરતો નકકી કરવામાં આવે છે.તેના બારામાં ખાતા ધારકને જાણકારી આપવામાં આવશે.

આ ઉપરાંત બાળકનાં વયસ્ક થયા બાદ ખાતા ધારકનાં નવા સંચાલનના નિર્દેશ અને નમુના હસ્તાક્ષર મેળવવા જોઈએ અને તેને રેકોર્ડમાં રાખવા જોઈએ સગીર ખાતા ધારકને ઈન્ટરનેટ બેન્કીંગ, એટીએમ/ડેબીટ કાર્ડ ચેકબુક જેવી વધારાની સુવિધા આપવા બેન્ક સ્વતંત્ર છે.

## ટ્રમ્પે સોલાર પેનલ અથવા તે સંબંધી આયાત પર ૩૫૨૧% ટેરીફ લાદયો

### કપડા - બુટ - અન્ય એસેસરી પર ઉંચા ટેરીફથી અમેરિકામાં હવે સેકન્ડહેન્ડ બજારોમાં લોકોની ભીડ

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

છેલ્લા બે માસથી દુનિયાના તમામ દેશો સામે ટેરીફ વોર છેડનાર અમેરિકાએ હવે ઈમ્પોર્ટ-સ્પેસીફીક ટેરીફમાં નવો રેકોર્ડ કર્યો છે અને દક્ષિણપુર્વ એશિયામાંથી અમેરિકામાં થતી સોલાર પેનલ અથવા તે સંબંધી આયાત પર ૩૫૨૧% ટેરીફ લાદયો છે.

દેશના ઉત્પાદકોને સુરક્ષા આપવા અમેરિકાએ આ ઉંચા ટેરીફની જાહેરાત કરી છે. ખાસ કરીને કમ્બોડીયા, મલેશિયા, વિયેતનામ, થાઈલેન્ડ જેવા દેશો સોલાર ઉત્પાદકોને નિકાસ માટે પ્રોત્સાહીત કરવા સ્થાનિક સરકાર મોટી સબસીડી આપે છે અને તેથી તમો જે સોલાર ઈકવીપમેન્ટ અમેરિકામાં નિકાસ કરે છે તે ભાવ અમેરિકામાં ઉત્પાદન ખર્ચ કરતા પણ નીચો છે.

વાસ્તવમાં બાઈડનના સમયથી અમેરિકી ઉત્પાદકો આ પ્રકારે સોલાર-ઈકવીપમેન્ટ આયાત સામે વિરોધ કરતા હતા અને તેથી હવે ટ્રમ્પ તંત્રએ દેશમાં ઉત્પાદીત સોલાર સીસ્ટમ કે ઈકવીપમેન્ટ કરતા આયાતી અનેકગણી મોંઘી પડે તે રીતે આ ટેરીફ નિશ્ચિત કર્યા છે. જો કે ટ્રમ્પના ટેરીફ હવે આ દેશના એક વિશાળ વર્ગને માટે મુશ્કેલી સર્જી રહ્યું છે.

પરંપરાગત ઉર્જા જેવી કે ઘરેલું વિજળી કે જનરેટર આધારિત વિજ ખૂબજ મોંઘી છે તેથી અમેરિકાના રીન્યુએબલમાં સોલાર વિજ ભણી વધ્યા હતા



તેમાં દક્ષિણ એશિયન દેશોની સોલાર સીસ્ટમ તેઓને માટે ખૂબજ મહત્વની સાબીત થઈ. હવે તે પણ મોંઘી બની છે તો હાલમાંજ અમેરિકાની યેલ યુનિ.ના તારણ મુજબ લોકો નવી ચીજો ખરીદવાના બદલે સેકન્ડ હેન્ડ ચીજો, કપડાનુ બજાર હવે જોર પકડવા લાગ્યુ છે.

ટેરીફથી સપ્લાય ચેઈન ખોરવાઈ છે જેના અને ભાવ વધવા લાગ્યા છે. તેમાં હવે અમેરિકામાં કપડા, બુટ અને અન્ય વ્યક્તિગત એસેસરીઝમાં સેકન્ડ હેન્ડ બજાર, ઓનલાઈન માર્કેટમાં પણ સેકન્ડહેન્ડની માંગ વધી છે.

## CJI પર વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ નિશિકાંત દુબે ફસાયા

### વકીલોએ નિશિકાંત દુબે સામે અવમાનનાનો કેસ દાખલ કરવા માટે એટર્ની જનરલ પાસેથી સંમતિ માંગી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટ અને સીજેઆઈ સંજીવ ખન્ના પર વિવાદાસ્પદ નિવેદનો આપ્યા બાદ મુશ્કેલીમાં મુકાયેલા ભાજપના સાંસદ નિશિકાંત દુબેની મુશ્કેલીઓ વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે આ મામલે કાર્યવાહી કરી છે અને તેને આગામી અઠવાડિયે લિસ્ટ કર્યા છે. વકીલોએ નિશિકાંત દુબે સામે અવમાનનાનો કેસ દાખલ કરવા માટે એટર્ની જનરલ પાસેથી સંમતિ માંગી છે. સુપ્રીમ કોર્ટમાં નિશિકાંત દુબેના નિવેદનોનો ઉલ્લેખ કરતા વકીલે કહ્યું કે, પસરકાર આ મામલે કંઈ કરી રહી નથી.થ જ્યારે એટર્ની જનરલ અને સોલિસિટર જનરલને પણ પત્ર લખવામાં આવ્યો છે. આના પર જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ એ.જી. મસીહની બેન્ચે કેસને આગામી અઠવાડિયા માટે લિસ્ટ કર્યો. અહેવાલો અનુસાર, ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું છે કે, પભારતમાં ગૃહયુદ્ધ માટે સીજેઆઈ ખન્ના જવાબદાર છે.થ ત્યારબાદ આના પર વકીલે કહ્યું કે, પમેં ફાઈલ કરી દીધી છે, હું ડાયરી નંબર આપી શકું છું. વકીલે પછી કહ્યુ કે ભાષણ વાઈરલ થયા પછી, સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર ઘણાં વિવાદાસ્પદ નિવેદનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.થ વકીલે સુપ્રીમ કોર્ટને વધુમાં કહ્યું, પસોશિયલ મીડિયાને વીડિયો દૂર કરવાનો નિર્દેશ આપો. આ કોર્ટને નુકસાન પહોંચાડી રહ્યું છે. સરકાર કાર્યવાહી કરી રહી નથી. આ જૂના



સમયના કેસોથી અલગ છે. આ વીડિયો દેશભરમાં વાઈરલ થઈ રહ્યા છે. આના પર ન્યાયાધીશે તેને આગામી અઠવાડિયા માટે રાખવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે સોમવારે નિશિકાંત દુબેના ઈઉંઈ વિરુદ્ધના નિવેદન અંગે જાણ કર્યા બાદ સુપ્રીમ કોર્ટની ગરિમા અને પ્રતિષ્ઠા જાળવવાની અપીલ કરી હતી. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એન. કોટિશ્વર સિંહની બેન્ચે આ ટિપ્પણી ત્યારે કરી જ્યારે અરજદાર અને એડવોકેટ વિશાલ તિવારીએ વક્ફ કાયદામાં સુધારા પછી પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં હિંસા દરમિયાન નફરતભર્યા ભાષણો અંગે દાખલ કરેલી પીઆઈએલ પાછી ખેંચવાની પરવાનગી માંગી.

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાયો

## ૧૮૪૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત, રાજ્યપાલે આયુર્વેદને જડમૂળથી રોગનાશક ગણાવ્યો





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર ખાતે રાજમાતા ગુલાબકુંવરબા સભાગૃહમાં વિશ્વની સૌપ્રથમ આયુર્વેદ યુનિવર્સિટીનો ૨૯મો પદવીદાન સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ૧૮૪૧ વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

સમારોહમાં ડિપ્લોમા, પીજી ડિપ્લોમા, બેચલર ડિગ્રી, માસ્ટર ડિગ્રી, એમડી, એમએસ અને પીએચડીની પદવીઓ આપવામાં આવી હતી. બે વિશેષ વ્યક્તિત્વોને ડોક્ટરેટ ઓફ લિટરેચર આયુર્વેદની ઉપાધિ એનાયત કરાઈ હતી. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સુવર્ણ અને રજત ચંદ્રકો પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું કે, સ્વસ્થ શરીરથી મોટું કોઈ સુખ નથી. તેમણે ઉમેર્યું કે ભારતના ઋષિઓએ સંશોધન કરી આયુર્વેદને વિશ્વભરમાં પહોંચાડ્યો છે. તેમણે પલાંઘન પરમોષધમથના મંત્રને જીવનમાં ઉતારવા અને યોગ્ય આહાર-વિહાર અપનાવવા પર ભાર મૂક્યો હતો. યુનિવર્સિટીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને સદગુરુ સેવા સંઘ ટ્રસ્ટ સાથે આયુર્વેદિક સંશોધન માટે એમઓયુ કર્યા છે. રાજ્યપાલે એલોપેથી અને આયુર્વેદની તુલના કરતા જણાવ્યું કે એલોપેથી કામચલાઉ રાહત આપે છે, જ્યારે આયુર્વેદ રોગોનો જડમૂળથી નાશ કરે છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિદ્યાર્થીઓને લોકોમાં આયુર્વેદ પ્રત્યે વિશ્વાસ જગાવવાનું આહ્વાન કર્યું હતું. રાજ્યપાલે આજની ભેળસેળયુક્ત ખોરાક અને અવ્યવસ્થિત જીવનશૈલીથી થતા નુકસાન વિશે ચેતવણી આપી અને આયુર્વેદિક પંચકર્મથી મળતા લાભો વિશે પોતાના અનુભવો શેર કર્યા હતા.

પદવી પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને શીખ આપતાં રાજ્યપાલએ જણાવ્યું કે, આગામી કારકિર્દીમાં આજે અહીં લીધેલા સંકલ્પને સૌ સાચા અર્થમાં ચરિતાર્થ કરજો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ પ્રાકૃતિક કૃષિ, પ્રાકૃતિક ચિકિત્સા તેમજ પરંપરાગત વિદ્યાને ઉત્તેજન આપવા પ્રયત્નશીલ છે, ત્યારે તમે સૌ પણ આયુર્વેદ પર અતૂટ વિશ્વાસ મૂકી તેનો સમગ્ર વિશ્વમાં વ્યાપ વધો, આ વિદ્યા થકી માનવતાનું કલ્યાણ થાય અને લોકો રોગમુક્ત બને તે દિશામાં કામગીરી કરજો.

આ તકે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા ઉચ્ચ અને તકનીકી શિક્ષા મંત્રી ઋષિકેશભાઈ પટેલે પદવી મેળવનાર સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આયુર્વેદને ગ્લોબલ બનાવવાના પ્રયાસોને કારણે વિશ્વના અનેક દેશોએ આયુર્વેદની સ્વીકૃતિ કરી છે. લોકોને આયુર્વેદ પ્રત્યે વિશ્વાસ અપાવવાનું કાર્ય આજે પદવી મેળવી વૈદ્ય બનનાર સૌ વિદ્યાર્થીઓનું છે. ગુજરાતમાં આયુર્વેદિક સારવાર લઈ રહેલા લોકોમાં થઈ રહેલો વધારો સૂચવે છે કે લોકો આયુર્વેદ તરફ વળી રહ્યા છે. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ આપણી પારંપરિક ચિકિત્સા પદ્ધતિ છે. જે જાળવી રાખવા માટે લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી ગુજરાત સરકાર પણ અનેક પગલાં લઈ રહી છે. આ અવસરે ગુજરાત આર્યુવેદ યુનિવર્સિટી દ્વારા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ તથા શ્રી સદગુરૂ સેવા સંઘ ટ્રસ્ટ ચિત્રકૂટ, મધ્યપ્રદેશ સાથે આયુર્વેદને જોડી એક નવી જ દિશામાં શિક્ષણની નવી પરિભાષા અને સંશોધન વિકસાવવા માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. આ એમ.ઓ.યુ. આયુર્વેદ અને અન્ય વિદ્યાશાખાઓના સંયોજનથી સમાજ ઉત્કર્ષ અને માનવવિકાસના નૂતન દ્વાર ખુલશે. આ કાર્યક્રમમાં સાંસદ પૂનમબેન માડમ, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, ધારાસભ્યો દિવ્યેશભાઈ અકબરી,રિવાબા જાડેજા, અગ્રણી બીનાબેન કોઠારી, આયુષ નિયામક વૈદ્ય જયેશ પરમાર, જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ વૈદ્ય નરેશભાઈ જૈન, કુલસચિવ ડો.અશોક ચાવડા, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલસચિવ મયંક સોની, આઈ.ટી.આર.એના નિયામક તનુજા નેસરી, સિનિયર પ્રોફેસર અનુપ ઈન્દોર્ય, અગ્રણીઓ, પ્રોફેસરો તેમજ મોટી સંખ્યામાં પદવી મેળવનાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેરના ભલગામ નજીક દેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ: બે વાહનચાલક સહિત છ મજૂરો ઝડપાયા, માલ મંગાવનાર ફરાર

## ટાટા સુમો અને બોલેરોમાં ૬૦૦ લીટર દેશી દારૂ સહિત રૂ. ૬.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી વાંકાનેર તાલુકા પોલીસ

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર તાલુકાના ભલગામ ગામની સીમમાં દેશી દારૂની હેરાફેરી કરી રહેલા શખ્સો સામે વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. પોલીસની રેઈડ દરમિયાન ટાટા સુમો અને બોલેરો ગાડીમાંથી ૬૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો, જ્યારે બન્ને ગાડીના ચાલક તથા દેશી દારૂની હેરાફેરી કરવા આવેલ કુલ ચાર મજૂરો સહિત છ ઈસમોની અટક કરવામાં આવી હતી, જ્યારે દેશી દારૂનો જથ્થો મંગાવનારનું નામ ખુલતા પોલીસે તેને ફરાર દર્શાવી, બે વાહનો સહિત કુલ રૂ. ૬.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ ચલાવી છે.

વાંકાનેર તાલુકાના ભલગામ ગામની સીમમાં નર્મદા કારખાનાથી આગળ ચાંમુડાનગર તરફ જતા રસ્તે બોરીયાના કાંઠે દેશી દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમીના આધારે વાંકાનેર તાલુકા પોલીસ ટીમે રેડ પાડી હતી. ત્યારે પોલીસે રેડ દરમિયાન સ્થળ ઉપરથી બે વાહનો ટાટા સુમો રજી. નં. જીજે-૦૧-અરજી-૨૦૪૩ અને બોલેરો રજી. નં. જીજે-૦૩-બીટી-૦૯૬૩ માંથી કુલ ૬૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧.૨૦ લાખ જપ્ત કરવામાં આવ્યો હતો, આ સાથે પોલીસે આરોપી ટાટા સુમો ચાલક રાજુભાઈ દડુભાઈ જળુ ઉવ.૪૨ રહે.સાલખડા તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર તથા બોલેરો ચાલક આરોપી વિહાભાઈ માધાભાઈ સાપરા ઉવ.૩૫ રહે.ગુંદાખડા તા.વાંકાનેર તેમજ દેશી દારૂની હેરાફેરી કરતા આરોપી મજૂરો જેમાં મનસુખભાઈ ઉર્ફે ટાલો કેશાભાઈ ગણાદીયા ઉવ.૪૦ રહે.સતાપર તા.વાંકાનેર, ભગવાનભાઈ સોમાભાઈ સરવૈયા ઉવ.૩૨ રહે.ગુંદાખડા તા.વાંકાનેર, વિનુભાઈ કારાભાઈ સરવૈયા ઉવ.૪૫ રહે.ગુંદાખડા તા.વાંકાનેર, રાજુભાઈ ખીમાભાઈ ગણાદીયા ઉવ.૪૨ રહે.સતાપર તા.વાંકાનેર વાળા એમ કુલ ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, પોલીસની સઘન પૂછતાછમાં પકડાયેલ આરોપી રાજુભાઈ પાસેથી આરોપી સંજયભાઈ ઉર્ફે દલો નરશીભાઈ મકવાણા રહે.નાળીયેરી તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર વાળાએ દેશી દારૂ મંગાવ્યો હોવાની કબૂલાત આપતા, પોલીસે આરોપી સંજયભાઈ ઉર્ફે દલોને ફરાર દર્શાવી બે વાહન, દેશી દારૂ સહિત ૬.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગર એ.પી.એમ.સી ખાતે રોડ સેફ્ટી અભિયાન અંતર્ગત વાહનોમાં રેડીયમ રીફલેક્ટર લગાવાયા




જામનગર આર.ટી.ઓ, જિલ્લા ટ્રાફિક પોલીસ અને એ.પી.એમ.સી.ના સંયુક્ત ઉપક્રમે, એલ એન્ડ ટી રાજકોટ વાડીનાર ટોલ લિમિટેડના સહયોગથી હાપા એ.પી.એમ.સી.ખાતે આવતા ખેતી વિષયક વાહનોમાં રિફ્લેક્ટર લગાવવાનું સફળ આયોજન કરવામાં આવ્યું.આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ખેતપેદાશો લઈને આવતા ખેડૂત મિત્રો અને અન્ય વાહન ચાલકોને રાત્રિના સમયે સલામત મુસાફરી માટે સજ્જ કરવાનો અને રોડ સેફ્ટી વિશે જાગૃત કરવાનો હતો.એ.પી.એમ.સી.ના હોદ્દેદારોએ આ પહેલને આવકારીને ભવિષ્યમાં એ.પી.એમ.સી.માં આવતા તમામ વાહનોમાં રિફ્લેક્ટરની હાજરી સુનિશ્ચિત કરવા માટે ગેટ પર જ રિફ્લેક્ટર લગાવવાની કાયમી વ્યવસ્થા ઊભી કરવાની દિશામાં સક્રિયપણે વિચારણા કરવાની ખાતરી આપી હતી.આ પ્રસંગે એ.પી.એમ.સી.ના ચેરમેન મુકુંદભાઈ સભાયા, વાઈસ ચેરમેન હિરેનભાઈ કોટેચા, સેક્રેટરી હિતેષભાઈ પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના હજડાભાઈ, આર.ટી.ઓ કે.કે.ઉપાધ્યાય, આઈ.એમ.વી. જે.જે.ચુડાસમા, એન.ડી.આંબલિયા તથા એચ.એસ.પટેલ, ટ્રાફિક શાખાના પી.એસ.આઈ. એ.એચ.ચોવટ તેમજ એલ એન્ડ ટીના શુકલા અને તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા.આ સંયુક્ત પ્રયાસ જામનગરના માર્ગોને વધુ સુરક્ષિત બનાવવા અને અકસ્માતોને ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# શિક્ષણ સર્વોપરી: લગ્નની ઉજવણી છોડી જામનગરમાં ડિગ્રી લેવા પહોંચ્યા સુરતના ડોક્ટર દંપતી

## જામનગર ખાતે યોજાયેલ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ૨૯ મા પદવીદાન સમારોહમાં રાજ્યપાલના હસ્તે નવવધૂ ડો. મેહઝબીન શેખે ડીગ્રી મેળવી

**મુખ્ય સમાચાર,જામનગર**



સુરતની નવવધૂ ડો. મેહઝબીન જલાલુદ્દીન શેખે શિક્ષણ પ્રત્યેનું અનોખું સમર્પણ દર્શાવ્યું છે. વલસાડની આર.એમ.ડી. આયુર્વેદ કોલેજમાંથી બીએએમએસની ડિગ્રી મેળવનાર ડો. મેહઝબીનના લગ્ન સુરતના ડો. ઈરફાન ઈમરાન મુલ્લા સાથે તાજેતરમાં સંપન્ન થયા. ૨૦મી એપ્રિલની રાત્રે સુરતમાં તેમના લગ્નનું રિસેપ્શન યોજાયું હતું, જ્યારે ૨૧મી એપ્રિલની સવારે જામનગરમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનો ૨૯મો પદવીદાન સમારોહ હતો. પોતાના લગ્નની કંકોત્રી વહેંચાઈ ગયા બાદ પદવીદાન સમારોહની તારીખ આવતા, ડો. મેહઝબીન અને તેમના પતિ ડો. ઈરફાને એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો. તેમણે પોતાના જ લગ્નના રિસેપ્શન અને ઘરે આવેલા મહેમાનોને છોડીને જામનગર જવા માટે ટ્રેન પકડી. આખી રાતનો પ્રવાસ ખેડીને તેઓ જામનગર પહોંચ્યા અને ત્યાં રાજ્યપાલના હસ્તે ડો. મેહઝબીન શેખે તેમની ડોક્ટર ઓફ આયુર્વેદની ડિગ્રી પ્રાપ્ત કરી. ડિગ્રી મેળવ્યા બાદ આ દંપતી તરત જ સુરત પરત ફર્યું હતું.ડો. મેહઝબીન અને ડો. ઈરફાન મુલ્લાએ શિક્ષણ પ્રત્યેની પોતાની નિષ્ઠા અને આદરનું ઉત્તમ ઉદાહરણ સમાજ સમક્ષ રજૂ કર્યું છે.જ્યાં શિક્ષણનું પ્રમાણ તુલનાત્મક રીતે ઓછું જોવા મળે છે, ત્યાં આ દંપતીએ એક નવી રાહ ચીંધી છે. તેમનું આ કાર્ય અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની રહેશે.

# ઉનામાં સગા ભાઈએ કુહાડીના ઘા મારી ભાઈની હત્યા કરી

## પોલીસની જાણબહાર મૃતદેહને દફનાવ્યો, પોલીસે કબરમાંથી મૃતદેહ બહાર કઢાવ્યો





**મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઉના**

ઉનાના નાળિયા માંડવી ગામમાં એક ચકચારી ઘટના સામે આવી છે. જાવેદ જમાલ શેખે તેના સગા ભાઈ હનીફ જમાલ શેખની કુહાડીના ઘા મારીને હત્યા કરી નાખી છે. વહેલી સવારે બનેલી આ ઘટનામાં મૃતક હનીફ કુહાડી લઈને ઘરે ઝઘડો કરવા આવ્યો હતો. તે અવાર નવાર ઘરમાં ઝઘડા કરતો હતો. આ વખતે આરોપી જાવેદે કુહાડી છીનવી લઈને તેના માથામાં ઘા મારી દીધો હતો. જેના કારણે હનીફનું મોત નિપજ્યું હતું.પરિવારે પોલીસની જાણ બહાર મૃતદેહની દફનવિધિ કરી નાખી હતી. જો કે, મૃતકના નાના ભાઈ ઈબ્રાહિમ જમાલ શેખે દફનવિધિ બાદ પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવી હતી.પોલીસને સાંજે ૬:૩૦ વાગ્યે જાણ થતાં તેમણે કાર્યવાહી શરૂ કરી હતી. નવાબંદર મરીન પોલીસે આરોપી જાવેદને તરત જ ધરપકડ કરી લીધો હતો. ત્યાર બાદ પ્રાંત અધિકારી, ઉના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને મુસ્લિમ સમાજના આગેવાનોની હાજરીમાં મૃતદેહને કબ્રમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસે હત્યાનો ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

# જેતપુરમાં કારખાનાની ઓરડીમાં જુગાર રમતા કારખાનેદાર સહીત છ જુગારી ઝડપાયા

## સવા બે લાખની રોકડ, કાર, ચાર બાઈક, છ મોબાઈલ સહિત ૯ લાખની મતા જપ્ત

**મુખ્ય સમાચાર,જામનગર**



જેતપુરમાં સર્કીટ હાઉસ પાછળ આવેલ કારખાનામાં ચાલતા જુગારના અખાડામાં રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી છ શખ્સોને પકડી પાડી રોકડ, કાર, ચાર બાઈક સહિત રૂ.૯.૧૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકર સિંહ દ્વારા દારૂ અને જુગારના ગણનાપાત્ર કેસો શોધી કાઢવાની આપેલ સુચનાથી રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી.ગોહીલ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ સાંબડા, દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, હરેશભાઈ પરમાર, કોન્સ્ટેબલ મિરલ ચંદ્રવાડીયાને જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જેતપુરમાં રહેતાં ધવલ ભીખા સાવલીયાના જેતપુર ધારેશ્વર વિસ્તારમાં સર્કીટ હાઉસની પાછળના ભાગે આવેલ શીવમ ફીનીશીંગ નામના કારખાનાની ઓરડીમાં જુગારનો આખાડો ચાલે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી કારખાનાની ઓરડીમાં જુગાર રમતાં ધવલ ભીખા સાવલીયા (રહે. જેતપુર બાવાવાળાપરા), અનિરૂધસિંહ જીતુભા ચુડાસમા (રહે. નવાગઢ રેલવે સ્ટેશન પાસે,જેતપુર)

બબા બચુ લાલુ (રહે. રબારીકા, જેતપુર), જયેશભાઈ ઉર્ફે જગો માવજી સખરેલીયા (રહે- બાવાવાળાપરા જેતપુર), રસીક ધીરૂ રામોલીયા (રહે. નાના દુધીવદર, જામકંડોરણા) અનેરાજેશ ઉર્ફે રાજુ આંબા ડોબરીયા (રહે. જેતલસરગામ ,જેતપુર) ને પકડી પાડી જુગારીઓ પાસેથી રોકડ રૂ.૨.૨૪ લાખ, ક્રેટા કાર અને ચાર બાઈક મળી કુલ રૂ.૯.૧૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, કારખાનેદાર ધવલ સાવલીયા બહારથી જુગારીઓ બોલાવી જુગાર રમાડતો હોવાનું ખુલ્યું હતું.

# ચરાડવા ગુરુકુળના બે સંચાલકોને દુષ્કર્મના ગુનામાં ૧૦ વર્ષની સજા

## મોરબી પોકસો કોર્ટે દુષ્કર્મ કેસમાં બન્ને આરોપીને દોષિત ઠેરવી સજા સંભળાવી, ભોગબનનારને ૪ લાખ રૂપિયા વળતર ચુકવવાનો હુકમ

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબીની પોકસો કોર્ટ દ્વારા ચરાડવા ગુરુકુળના સંચાલકો લલિતભાઈ શાસ્ત્રીજી આમોદરા અને અલ્કેશભાઈ કુંજડીયાને સંસ્થાના એડમિશન માટે આવેલ યુવતી સાથે વારંવાર દુષ્કર્મ આચરવાના દોષી ઠેરવવામાં આવ્યા છે. બંનેને ૧૦ વર્ષની સખ્ત કેદ અને રૂપિયા ૧-૧ લાખના દંડની સજા ફટકારવામાં આવી છે. દંડ ભરવામાં નિષ્ફળ જાય તો ૧ વર્ષની વધારાની કેદ પણ ફટકારાશે, સાથે સાથે ભોગબનનાર યુવતીને કુલ રૂ. ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કરાયો છે.

કેસની ટુક વિગત મુજબ, હળવદ તાલુકાના ચરાડવા ગામમાં આવેલી ગુરુકુળ સંસ્થામાં એડમિશન લેવા આવેલી યુવતી સાથે ગુરુકુળના સંચાલકો લલિતભાઈ ઉર્ફે શાસ્ત્રીજી મકનભાઈ આમોદરા રહે.ચરાડવા એસ.એસ.સંકુલ હાલ મોરબી-૨ ગીતપાર્ક અને અલ્કેશભાઈ મહેન્દ્રભાઈ કુંજડીયા રહે. ચરાડવા એસ.એસ.સંકુલ મૂળ રહે. રીઝા તા.તારાપુર વાળાએ ફરીયાદીની મરજી વિરુદ્ધ વારંવાર બળાત્કાર આચર્યો હતો. ઉપરાંત, ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી, આ બનાવ અંગે હળવદ પોલીસ સ્ટેશનમાં ૬ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ ગુનો નોંધાયો હતો. ત્યારબાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે આ કેસ મોરબીની વિશેષ પોકસો કોર્ટમાં ચાલી જતા, ન્યાયાધીશ કમલ પંડ્યાએ ૧૧ મૌખિક અને ૨૩ દસ્તાવેજી પુરાવા તથા સરકારી વકીલ એન.ડી. કારીયાની કાયદાકીય દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીઓને બળાત્કારના કેસમાં દોષિત ઠેરવી ચુકાદો આપ્યો હતો. ભવિષ્યમાં આવી શૈક્ષણિક સંસ્થાઓમાં આવા ગુનાઓ અટકાવવા કડક હુકમ આપવાની જરૂર જણાવી, બન્ને આરોપીઓને ૧૦ વર્ષની કેદ અને ૧-૧ લાખના દંડની સજા ફટકારી હતી. વધુમાં, પીડિતાને રાજ્ય સરકારની વળતર યોજના હેઠળ રૂ. ૨ લાખ અને આરોપીઓ દ્વારા ભરવામાં આવેલ રૂ. ૨ લાખ સહિત કુલ રૂ. ૪ લાખ વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

# મોરબી મહાનગરપાલિકાના મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહમાં આશ્રીતો માટે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો



મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા પંડિત દીનદયાળ અંત્યોદય આજીવિકા મિશન યોજના અંતર્ગત શહેરી ઘર વિહોણા લોકોના આશ્રયસ્થાન ઘટક અંતર્ગત મહારાણીશ્રી નંદકુંવરબા અશ્રયગૃહ કાર્યરત છે મોરબી મહાનગરપાલિકાના સંપૂર્ણ સહયોગ હેઠળ શ્રી સિદ્ધિ ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા સંચાલિત આશ્રયગૃહ ખાતે ગત તા.૧૭ એપ્રિલના રોજ સાંજે ૫ થી ૭ દરમ્યાન આશ્રિતો માટે આરોગ્ય વિભાગ તથા મહાનગરપાલિકાની ઞઈઉ શાખાના સહયોગથી જનરલ આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આશ્રયગૃહના આશ્રિતોને તપાસી જરૂરી દવાઓ અને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ પણ ચેક કરવામાં આવ્યું હતું અત્રે ઉલ્લેખનીય છે કે મોરબી મહાનગરપાલિકાના કમિશનરના માર્ગદર્શન અને વિભાગીય સુચના અનુસાર દર ૧૫ દિવસે આશ્રયગૃહના આશ્રિતો માટે આરોગ્ય ચકાસણી અને નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં કુલ ૪૩ જેટલા આશ્રિતોએ લાભ લીધો હતો કેમ્પને સફળ બનાવવા આરોગ્ય વિભાગની ટીમ અને સંચાલક સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા કેમ્પને સફળ બનાવ્યો હતો.

# જામનગરના જોડિયા તાલુકાના પીઠડ ગામે પશુ ડોક્ટરોએ ભેંસના પગમાં રહેલ ૪.૫ કિ.ગ્રા.ની કેન્સરની જટિલ ગાંઠ દુર કરી નવજીવન આપ્યું

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પીઠડ ગામે એક હૃદયસ્પર્શી ઘટના બની. એક પશુપાલકની ભેંસના પગના ભાગે આશરે ૪.૫ કિલોગ્રામની કેન્સરની ગાંઠ હોવાનું નિદાન થયું, જેણે આ ભેંસના જીવન સામે મોટો ખતરો ઉભો કર્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને ૧૯૬૨ની પીઠડ લોકેશનની અનુભવી ટીમ તાત્કાલિક મદદે દોડી આવી હતી. ડો.લલીત ભાલોડીયા, જામનગર જિલ્લા પ્રોગ્રામ મેનેજર ડો.સોહેબ ખાન અને પાયલોટ કમ ડ્રેસર નીરવ ભાભોરે ઘટનાસ્થળે પહોંચીને તાત્કાલિક ભેંસનું ઓપરેશન હાથ ધર્યું અને પગમાં રહેલ ૪.૫ કિ.ગ્રા.ની કેન્સરની જટિલ ગાંઠ દુર કરી સર્જરી સફળતાપૂર્વક પાર પાડી.ડો.લલીત ભાલોડીયાનો વર્ષોનો અનુભવ, ડો.સોહેબ ખાનની કુશળ આગેવાની અને નીરવ ભાભોરના સહકારથી આ મુશ્કેલ ઓપરેશન શક્ય બન્યું. ટીમે અત્યંત સાવધાની અને કુશળતાથી ગાંઠને દૂર કરી, જે ઘટના ભેંસ માટે જીવનદાન સમાન સાબિત થઈ. ટીમે માત્ર ઓપરેશન જ સફળતાપૂર્વક પાર પાડ્યું એટલું જ નહીં, પરંતુ ત્યારબાદ ભેંસના સ્વાસ્થ્યનું સતત ફોલોઅપ પણ કર્યું. તેમની નિષ્ઠા અને કાળજીના પરિણામે આજે આ ભેંસ સંપૂર્ણપણે સ્વસ્થ જીવન જીવી રહી છે.

જામનગર જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડિનેટર સુફિયન વરમે આ માનવીય કાર્યને બિરદાવતા કહ્યું, આપણી ટીમના ડોક્ટરો અને સહાયક સ્ટાફે જે રીતે આ જટિલ સર્જરીને સફળ બનાવી અને મૂંગા પશુને મોતના મુખમાંથી ઉગાર્યું છે, તે ખરેખર પ્રશંસનીય છે. તેમની આ કામગીરી અન્ય લોકો માટે પણ પ્રેરણાદાયી બનશે.

# સોનાની ચમક વધત્તા સોની બજારમાં કાગડા ઉડયા!






(તસ્વીરઃ આનંદ જાવિયા)

ચળકતી ધાતુ સોનામાં ભાવમાં અસહ્ય વધારો નોંધાતા રાજકોટ સહિત સૌરાષ્ટ્રની તમામ ઝવેરી બજારોમાં માહોલ જોવા મળી રહ્યો છે સોનાના ભાવમાં રેકર્ડ બ્રેક વધારો થતા સોની બજારમાં મંદીનું માહોલ છવાયો છે આજે સોનાએ ૧૦ ગ્રામમાં એક લાખની સપાટી પાર કરતા ઝવેરીઓ સ્તભ થઈ ગયા છે લગ્નસરાની સિઝન ઢૂકડી હોય તેમ છતાં ગ્રાહકો બજારમાં નહીં દેખાતા વેપારીઓમાં ચિંતા ના વાદળ છવાયા છે હજુ પણ સોનું દિવસે અને દિવસે નવી સપાટી સર કરી રહ્યું છે ત્યારે આવનારા દિવસોમાં વધુ મંદીનો માહોલ છવાય તેવા આસાર છે. નસ્ત્રલગ્નની સિઝનમાં, સોના અને ચાંદીના ભાવ આસમાને પહોંચી ગયા છે. આ દિવસોમાં સોનાના ભાવમાં રેકોર્ડ બ્રેક વધારો જોવા મળી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ, ડોલરમાં ઘટાડો અને આર્થિક મંદીના ભયને કારણે સોનાના ભાવ આસમાને પહોંચી ગયા છે. સોનામાં તેજીનો સુવર્ણયુગ ચાલી રહ્યો છે. દેશમાં સોનું એક લાખની સપાટી નજીક પહોંચ્યું છે. ગુજરાતના માર્કેટમાં ૧ તોલા સોનાનો ભાવ એક લાખને પાર કરી ગયો છે. સોમવારે ખૂલતા બજારમાં જ વૈશ્વિક સ્તરે સોનામાં તેજીના તોફાન વચ્ચે ૩૪૩૦ ડોલરની રેકોર્ડ સપાટીને સ્પર્શ્યું હતું, જે ૧૦૦ ડોલરથી વધુનો ઉછાળો દર્શાવતો હતો. વૈશ્વિક મજબૂતાઈ પાછળ અમદાવાદ ખાતે રૂ.૧૦૦૦ વધી રૂ.૯૯૫૦૦ની નવી ઊંચાઈએ બોલાતું હતું પરંતુ બંધ બજારમાં સોનાનો ભાવ એક લાખની સપાટીને કુદાવી ચૂક્યો છે.

# રાજકોટ જિલ્લામાં કેબલ વાયર ચોરી કરતી ગેંગ ઝડપાઇ

## ૩૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરતી વિછીયા પોલીસ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગ્રામ્યમા વાડી વિસ્તારમાથી કેબલ વાયરની ચોરી કરતી ગેંગના ૩ શખ્સોને વિછીંયા પોલીસે ઝડપી લઈ ૩૧૦૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો. આરોપીની પુછપરછમા તેમણે ૭ ગુના કર્યાની કબુલાત આપી હતી.

આ અંગેની વધુ વિગતો મુજબ તા. ૧૮ એપ્રીલનાં રોજ મોટા હડમતીયા ગામે આવેલા ટેલીફોન એક્ષચેંજનાં મકાનમાથી કેબલ વાયરની ચોરી થયાની ફરીયાદ વિંછીયા પોલીસ મથકમા નોંધવામા આવી હતી. આ ઘટનામા વિંછીયા પોલીસે ગુનાનો ભેદ ઉકેલવા પેટ્રોલીંગ કરી રહી હતી તે સમયે વિંછીયા પોલીસનાં વિપુલભાઈ રાજપરા, અશોકભાઈ સોસા અને વિક્રમસિંહ ગોહીલ સહીતનાં સ્ટાફે ઓરી ગામથી મોટી લાખવડ તરફ જવાના રસ્તે ૩ શખ્સો પ્લાસ્ટીકની કોથળીમા કોઈ ચીજવસ્તુ ભરેલી લઈને જતા હતા અને તેઓએ પોલીસને જોઈને દોટ મુકતા પોલીસે તુરંત આરોપીઓને અટકાવી તલાસી લેતા ૧૫ હજારનો કોપર વાયર મળી આવ્યો હતો. તેમની પુછપરછ કરતા તેમણે હડમતીયા ગામે ટેલીફોન એક્ષચેંજનાં મકાનમાથી ચોરી કર્યાની

કબુલાત આપી હતી. આરોપીઓની પુછપરછમા પોતે પોતાનુ નામ ચોટીલાનાં પ્રવિણ બબા પરમાર, બાબરાનાં મોટા દેવળીયાનાં સુરેશ નટુ સોલંકી અને મુકેશ બાબુ સોલંકી હોવાનુ જણાવ્યુ હતુ. તેઓ પાસેથી કુલ ૩૧ હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો.

ત્રણેયની પુછપરછમા મોટા દેવળીયાનાં હનુ ઉર્ફે ટેટીયો સુરા ટપુ વાઘેલા



અને અનીલ કિશોર વાઘેલાનુ નામ આપતા તેમની શોધખોળ શરૂ કરી છે. હનુ અગાઉ મારામારી અને ચોરાનાં ગુનામા પોલીસ ચોપડે ચડી ચુકયો છે. આ ટોળકીએ એક મહીનામા રાંદલનાં દડવા ગામે, મોટા દેવળીયા, ઝુંડાળા ગામ, દેવળીયા વાસાવડ રોડ પર, રાણીપડા ગામ એમ કુલ ૭ જગ્યા પર ચોરીને અંજામ આપ્યો હતો. આરોપીઓની પુછપરછમા પોતે દિવસનાં સમયે બાઈક પર સીમ અને વાડી વિસ્તારમા રેકી કરતા હતા અને રાત્રીનાં સમયે આખી ટોળકી વાયર કાપવાનાં હથીયારો લઈ ચોરી કરતી હતી. તેમજ ચોરીનાં સમયે કોઈ પ્રતીકાર કરે તો પથ્થર મારવા માટે ગીલોર સાથે રાખી તેમજ કેબલ વાયરની ચોરી કરી સળગાવી અને અંદરનુ કોપર લઈ જઈ વેચી અને રોકડી કરી લેતા હતા.

# અબોલ પક્ષીઓના જીવ બચાવવાના કાર્યમાં સહભાગી બનતી રાજકોટ પોલીસ




ગુજરાત રાજયના ડી.જી.પી. વિકાસ સહાય દ્વારા હાલમાં વધતી જતી ગરમીના અનુસંધાને સુરક્ષિત પક્ષીઓ માટે પાણીના કુંડા મુકાય અને કુંડાઓમાં નિયમત રીતે પાણી અપાય એ સદ્કાર્ય અંગે પહેલવૃતિ દાખવી અબોલ પક્ષીઓના જીવ બચાવવાના કાર્યમાં સહભાગી થવા જણાવેલ છે. ગુજરાત રાજયના મ્હે.ડી.જી.પી. ની સુચના મુજબ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા ના માર્ગદર્શન હેઠળ હાલમાં વધતી જતી ગરમીના કારણે શહેર પોલીસ કમિશ્નર કચેરી ખાતે સુરક્ષિત પક્ષીઓ માટે પાણીના કુંડા મુકવામાં આવેલ છે. અને કુંડાઓમાં નિયમત રીતે પાણી અપાય તે માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં સજનસિંહ પરમાર નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૧ તથા ડો. પાર્થરાજસિંહ ગોહિલ નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ તથા પુજા યાદવ નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફીક તથા જગદીશ બાંગરવા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ રાજકોટ શહેરનાઓ હાજર રહેલ હતા.

# સીટી બસ દુર્ઘટનાની તપાસમાં ઢીલાશના આક્ષેપ સાથે સીપી કચેરીએ કોંગ્રેસની રામધુન




(તસ્વીરઃ આનંદ જાવિયા)





તાજેતરમાં ઈન્દિરા સર્કલ પાસે સીટી બસ સેવાએ ચાર લોકોનો જીવ લેતા તેના વિરોધમાં આજે રાજકોટ શહેર કોંગ્રેસ ના આગેવાનો તેમજ કાર્યકર્તાઓએ પોલીસ કમિશનર કચેરીએ હલ્લાબોલ કર્યું હતું . પોલીસ કમિશનને આવેદન આપી જવાબદારો સામે કડકમાં કડક પગલાં લેવા માંગ કરી હતી વધુમાં આજે કોંગ્રેસના હોદ્દેદારો અને પોલીસ કર્મી વચ્ચે તું તુ મે મેં થઈ હતી જેને લઈ કોંગ્રેસના હોદ્દેદારોએ પોલીસ કચેરીએ બંગડી ફેકી પહેરી લેવા જણાવ્યું હતુ. વધુમાં પોલીસ કમિશનરને મળવા સમયે તમામ કોંગ્રેસના હોદ્દેદારોના મોબાઈલ ફોન બહાર મુકાવી દેતા ચકમક જરી હતી કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે જવાબદારોને છાવરવામાં આવી રહ્યા છે પોલીસ ફરિયાદ નોંધવામાં આનાકાની કરી ગુનેગારોને બચાવી રહી છે કોંગ્રેસના કાર્યકરોએ પોલીસ કમિશનર કચેરીમાં જ નીચે બેસી રામધૂન કરી સૂત્રોચાર કર્યા હતા.

# રાજકોટ સહિત છ સ્થળોએ ૪૦ થી ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયુ

રાજકોટ ગઈકાલે પણ રાજયનું સૌથી ગરમ શહેર રહેવા પામ્યુ હતું.અને મહત્તમ તાપમાનનો પારો ૪૨-ડિગ્રી સુધી પહોંચી જવા પામ્યો હતો.રાજકોટ ઉપરાંત પાંચ સ્થળોએ પણ તાપમાન ૪૦-ડિગ્રી ઉપર નોંધાવા પામ્યુ હતું. અમદાવાદમાં ૪૦.૭, અમરેલીમાં ૪૧.૬, વડોદરામાં ૪૦, ભુજમાં ૪૧.૧, તથા ગાંધીનગરમાં ૪૦.૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.જયારે જામનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં મહતમ તાપમાનમાં ૪.૫ ડિગ્રી પારો ઉચકાઈને ૩૮.૫ ડિગ્રી પહોંચ્યો હતો. લઘુતમ તાપમાન સતત બીજા દિવસે ૨૪ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા રહ્યું હતું.અને પવનની ગતિમાં ૪ કિમિ ના ઘટાડા સાથે ૬.૬ કિમિ ઝડપે રહી હતી. આ ઉપરાંત ગઈકાલે પણ સૌરાષ્ટ્ર-ગુજરાતનાં મોટાભાગનાં દરિયાકાંઠાનાં વિસ્તારોમાં તાપમાન સામાન્ય રહેવા પામ્યુ હતું.અને મોટાભાગના સ્થળોએ ૩૩ થી ૩૮ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાવા પામ્યું હતું.

# ગીરમાં તા. ૧૦થી ૧૩ મેમાં બે તબક્કે સિંહોની વસતી ગણતરી થશે

સિંહ, સાવજ, ઊંટિયો વાઘ, બબ્બર શેર, કેસરી, ડાલામત્થો જેવા ઉપનામોથી ઓળખાતા એશિયાઈ સિંહ એ આખા વિશ્વમાં માત્ર ગુજરાતનાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ગીર અભયારણ્યમાં જોવા મળે છે. વર્ષ ૧૯૮૦થી ગીર એશિયાઇ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન તરીકે સુપ્રસિદ્ધ થયું છે. એશિયાઈ સિંહ માત્ર ગુજરાતનું જ નહીં એશિયાનું પણ ગૌરવ છે. ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. જે અંતર્ગત એશિયાઈ સિંહનો આગામી ૧૬મો વસ્તી અંદાજ-૨૦૨૫ સંભવિત તા.૧૦ થી ૧૩ મે દરમિયાન બે તબક્કામાં યોજવામાં આવશે. જેમાં પ્રાથમિક વસ્તી અંદાજ મે મહિનાની તા.૧૦ થી ૧૧ અને આખરી વસ્તી અંદાજ તા.૧૨ થી ૧૩ મેના રોજ હાથ ધરવામાં આવશે. આ વસ્તી અંદાજની કામગીરી સિંહ અસ્તિત્વ ધરાવતા રાજ્યના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના કુલ ૩૫ હજાર ચો.કિમી. વિસ્તારમાં નડાયરેક્ટ બીટ વેરીફીકેશનથ પદ્ધતિથી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે ગ્રામ્ય કક્ષાએ ઈકો-ડેવલપમેન્ટ કમિટીની સ્થાપના, વન્ય પ્રાણી મિત્ર નક્કી કરવાં, નિયમિત સમયાંતરે નૈસર્ગિક શૈક્ષણિક કેમ્પનું આયોજન, ગીરની વનસ્પતિસૃષ્ટિ તેમજ તૃણાહારી જીવસૃષ્ટિનું નિરીક્ષણ-દેખભાળ તેમજ કૌશલ્યવાન માનવબળ સાથે સ્થાનિક લોકોનો સહકાર લેવો જેવા અવિરત પ્રયાસો કરવામાં આવે છે, જેના પરિણામે સિંહોની પ્રત્યેક વસતી ગણતરી વખતે તેઓની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. આ પત્રકોમાં અવલોકનનો સમય, હિલચાલની દિશા, લિંગ, ઉંમર, શરીર પરના કોઈ અન્ય ઓળખ ચિન્હો, જી.પી.એસ. લોકેશન, ગૃપ કંપોઝીશન વગેરે વિગતો નોંધવામાં આવશે. મોડર્ન ટેક્નોલોજીનો પણ ઉપયોગ થશે.

# બિહારને મળશે અમૃત ભારત એક્સપ્રેસ અને નમો ભારત રેપિડ રેલની સૌગાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વંદે ભારત, અમૃત ભારત અને નમો ભારત રેપિડ રેલને આધુનિક ભારતીય રેલ્વેની ત્રિવેણી ગણાવી છે. આ ત્રિવેણીની બે નવી ટ્રેનોનું સંચાલન બિહારથી થવાનું છે. બિહારમાં પહેલેથી જ ઘણી વંદે ભારત એક્સપ્રેસ કાર્યરત કરવામાં આવી છે, જ્યારે એક અમૃત ભારતીય એક્સપ્રેસનું સંચાલન પહેલાથી જ દરભંગા અને આનંદ વિહાર ટર્મિનલ વચ્ચે વાયા અયોધ્યા કરવામાં આવી રહયું છે. તાજેતરમાં, રેલ્વેએ બિહાર માટે ઘણા નવા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. પૂરતા ભંડોળની ફાળવણી પ્રોજેક્ટ્સના નિર્માણ કામ ને પણ ગતિ પ્રાપ્ત થઈ છે જેના કારણે, પ્રોજેક્ટ્સ ઝડપી ગતિએ પૂર્ણ થઈ રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બિહારના આવા ત્રણ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરવાના છે. નવી ટ્રેનોના સંચાલન અને નવનિર્મિત પ્રોજેક્ટ્સ શરૂ થવાથી બિહારનું રેલ્વે પરિદ્રશ્ય પહેલા કરતાં વધુ સારું બનશે. પ્રોજેક્ટ્સમાં સુપૌલ પિપરા નવી લાઇન, ખાગરિયા અલૌલી નવી લાઇન અને હસનપુર વિથાન નવી લાઇનનો સમાવેશ થાય છે. આ નવી લાઇનો પર બે પેસેન્જર ટ્રેનોનું સંચાલન પણ શરૂ કરવામાં આવશે. પરંતુ બિહારના લોકોમાં સૌથી વધુ ઉત્સાહ સહરસા થી લોકમાન્ય તિલક વચ્ચે શરૂ થઈ રહી નમો ભારત રેપિડ રેલ અને અમૃત ભારત એક્સપ્રેસના સંચાલનને લઈને છે. નમો ભારત રેપિડ રેલ વંદે ભારત એક્સપ્રેસ સાથે ભારતની નવી ઓળખ બની ગઈ છે. ટૂંકા અંતરના શહેરો વચ્ચે વિશ્વ કક્ષાની રેલ સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે રચાયેલ નમો ભારત રેપિડ રેલને ઈન્ટરસિટી ટ્રાવેલના ક્ષેત્રમાં એક નવો સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી છે. પહેલા નમો ભારત રેપિડ રેલ નું સંચાલન ગુજરાતના અમદાવાદ અને ભૂજ વચ્ચે કરવામાં આવ્યું અને હવે બીજી નમો ભારત રેપિડ રેલ જયનગર અને પટના વચ્ચે કાર્યરત કાવાની જાહેરાત કરવામાં આવી છે. અગાઉ નમો ભારત પાસે ૧૨ એરકન્ડિશન્ડ કોચ હતા, પરંતુ બિહારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જયનગર-પટણા નમો ભારત રેપિડ રેલમાં ૧૬ કોચની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં ૨૦૦૦ થી વધુ મુસાફરો એક સાથે મુસાફરી કરી શકે છે. નમો ભારત રેપિડ રેલ જે મેડ ઈન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ બનાવવામાં આવેલ છે. ઘણી નવી સલામતી અને મુસાફરોની સુવિધા સુવિધાઓથી સજ્જ છે. ઈમરજન્સી સ્થિતિ માં મેનેજર સાથે મુસાફર વાત કરી શકે. આના માટે દરેક કોચમાં ઈમરજન્સી ટોકબેક સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. વંદે ભારત એક્સપ્રેસ ની જેમ પર નમો ભારત રેપિડ રેલમાં પણ બંને છેડે લોકો પાયલોટ કેબ લગાવવામાં આવી છે, જેથી એન્જિન રિવર્સલ થવાની સમસ્યા દૂર થાય છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જનાના હોસ્પિટલમાં સ્ટાફની લાલીયાવાળી: લાગવગ વાળા બ્રધર સ્ટાફ મરજી મુજબ નોકરી કરતા હોવાનો આક્ષેપ

## પોતાના ટાઈમે આવવું પોતાના ટાઈમે જવું અને મન પડે તેમ કામ કરતા કેટલાક બ્રધર સ્ટાફના વિરોધ સિવિલ સુપ્રિટેન્ડન્ટ ને લેખિતમાં અરજી કરાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ અને જનાના હોસ્પિટલમાં ભૂતકાળમાં અનેક છબરડાઓ પ્રકાશમાં આવ્યા છે ત્યારે વધુ એક વાર રાજકોટ જનાના હોસ્પિટલમાં લાગવગ વાળા બ્રધર સ્ટાફ ક્ષાળ દ્વારા મનમાંની કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે આ અંગે સ્ટાફના અન્ય લોકોએ સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ને લેખિતમાં ફરિયાદ કરી છે

સિવિલ સુપ્રીટેનમેન્ટ ને સંબોધીને આપેલી અરજીમાં જણાવ્યું છે કે

આપની હોસ્પીટલ માં કામ કરતા બ્રધર સ્ટાફ (એન. પી. એમ.) (NPM) અગાઉ ફરીયાદ થયેલી છે. એના ૨ થી ૩ વ્યકતી કોની રહેમ રાહે ની નીચે કામ કરે છે. કોના છાયડે છે કે જનાના વિભાગ માંથી એમ ની બદલી નથી કરી ને અમે ઘણી વાર જાણ કરી છે આસ્વાસન આપી ને કહો છો કે થઈ જાશે તો એ અમે ૩ મહીના ની રાહ જોઈને આ પત્ર આપને લખીએ છીએ. હવે અમો કાયદાકીય લડાઈ કરી કે આપ ને રજુ મૌખીક જાણ કરી આ જ કરો ૩ ફરીયાદ ૩ વખત લેખીત ૩ વખત મૈખીક જાણ અમે જાતે કરેલ છે. એજ સ્ટાફ અમને એવુ જણાવે છે કે ઉપરી અધીકારી ના આદેશ ને ધ્યાનમાં પણ નથી લેતા જયાં મજા આવે ત્યાં નોકરી કરે છે. ટાઈટ ટેબલ વગર ની ઈન્ચાર્જ ના નજીક ના હોવાની જેમ પોતાને યોગ્ય લાગે તે ટાઈમ વાળી જ નોકરી કરે છે. આપ એમનુ મસ્ટર ચેક કરી શકો છો., અને આપની હોસ્પીટલ માં લાગેલ કેમેરા પણ, ઈન્ચાર્જ ના નજીક ના હોવાથી ટાઈમ વગર જતુ રહેવુ ગમે તે ટાઈમે (મરજી મુજબ નોકરી લેવી) આ તો કેવો ન્યાય ત્યાં માત્ર ૨ - ૩ એન. પી.




એમ.(NPM) બયર સ્ટાફ જ નોકરી કરે છે. બીજા કોઈ સ્ટાફ ની નોકરી ની કોઈ વેલ્યુ નથી. ઘણા બીજા એવા મુદદા છે જે અમોને લેખીત માં આપવામાં પણ શરમ આવે છે. તો મહેરબાની કરી કોઈ એકશન લઈ આવા વ્યકિત ને બીજા વોર્ડ માં જનાના હોસ્પીટલ સિવાય જવા દો જનાના હોસ્પીટલ ની બહાર ભવીષ્યમાં કોઈ બનાવ બનશે તો એની જવાબદારી કોની રહેશે ૨ વ્યકતી ની જ જનાના હોસ્પીટલ માળે એવુ લાગે છે અમોને કાતો ઓફીસ સ્ટાફ કાતો ઉચ્ચ અધીકારી ની મીઠી નજર ઈન્ચાર્જ ની મીઠી નજર ની જ આના બધર સ્ટાફ ૨ એન. પી. એમ. (NPM) ની મન મુજબ ની ચાલે છે. અમોને એવુ લાગે છે ક આ અમારા તરફ ની લાસ્ટ જાણ આપને લેખીત માં આ ૨ એન. પી. એમ. (NPM) વ્યકિત ની ભવીષ્ય માં ખરાબ બનાવ બનશે કે ફરીયાદ આવશે બીજા કોઈ વ્યકિત તરફ થી તો જાણ એવુ માનવામાં આવશે.

આપની મીઠી નગર નીચે આવા લોકો કામ કરે છે. ૩ વખત ફરીયાદ આ આવા ૨ વ્યકતી ને જનાના માંથી સીવીલ મા ન મોકલવા માં નથી આવતા તો આના કારણો શુ. આપના તરફ થી એવુ કહેવામાં આવે છે કે એન. પી. એમ. (NPM) નો પરીપત્ર છે. સરકારી કે ત્યાજ કામ કરાવુ તો ગુજરાત સરકાર નો કોઈ પરીપત્ર નથી કે અમારા ધ્યાન માં નથી જો કોઈ નો માત્ર રાજકોટ જીલ્લામાં પી. ડી. યુ. જનાના માં જ કેમ લાગુ પડે ગુજરાત ની બીજી કોઈ પણ હોસ્પીટલ ને લાગુ પડતી નથી.

અને અમોએ અનેક રજુઆતો કરવા છતાં લેખીત માં મોખીકમાં અમોની અરજી તથા મૌખીક નો આજ દિવસ સુધી કોઈ નીર્ણય આવેલ નથી. જેથી આમ ઉપરોકત અમોની અરજી ધ્યાને લઈ તેનો તાત્કાલીક ધોરણે નીર્ણય લેવા આપ સાહેબને અમારી નમ્ર અરજ છે.

## સિવિલમાં ટાંકો છલકાતા ઈમરજન્સી વોર્ડમાં પાણી ઘુસ્યા




સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટની સિવિલ હોસ્પીટલ છાસવારે વિવાદોમાં આવતી રહે છે. હોસ્પીટલના વહિવટથી માંડી સ્ટાફ સામે પણ અવાર નવાર ફરીયાદો ઉઠતી રહે છે ત્યારે ગઇકાલે રવિવારે ઈમરજન્સી વિભાગનો પાણીનો ટાંકો છલકાઇ જતા ઈમરજન્સી વોર્ડમાં પાણી ભરાઈ ગયા હતા. મળતી માહિતી મુજબ રવિવારે સવારે ઈમરજન્સી વોર્ડ પરનો પાણીનો ટાંકો છલકાયો હતો. સાથે જ પાણીના નિકાલની કુંડી બ્લોક થઇ જતા પાણી ઈમરજન્સી વોર્ડમાં ઘુસી ગયું હતું. જેના કારણે પાણીનો નિકાલ કરવા ભારે દોડધામ મચી ગઇ હતી.

# ઓનલાઈન જુગારની લીંક મૂકનાર માલિયાસણ અને રેલનગરના બે ઈન્ફલુએન્સરની ધરપકડ

## ગેમ્બલીંગ પ્રમોટ કરનારા સામે ગુજરાતમાં પ્રથમ વખત રાજકોટ સાયબર સેલની કાર્યવાહી

મુખ્ય સમાચાર રાજકોટ

ઓનલાઈન જુગારને લગતી ગેમને સોશિયલ મીડીયા ઉપર પ્રોત્સાહન આપવા અંગે સાયબર ક્રાઈમ પોલીસે સોશિયલ મીડીયા ઈન્ફલુએન્સર ધાર્મિક જગશીભાઈ વાઘાણી (ઉ.વ.૨૦, રહે. માલીયાસણ મેઈન બજાર, રાજકોટ) વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. સોશિયલ મીડીયા ઉપર ઓનલાઈન ગેમીંગનું પ્રમોશન કરતાં સોશિયલ મીડીયા ઈન્ફલુએન્સરને શોધી કાઢવાનું કામ સાયબર ક્રાઈમ પોલીસનું સોશિયલ મીડીયા મોનિટરિંગ સેલ કરે છે. જે દરમિયાન આ સેલે એક ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપર એક ઓનલાઈન ગેમીંગને પ્રોત્સાહન અપાતું હોવાનું શોધી કાઢયું હતું. તે જ ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપર આ ગેમની લિન્ક પણ હતી. જેથી તે લિન્ક ઓપન કરતાં લોટરી સ્પોર્ટસ કેસીનો સ્લોટસ વગેરે ગેમ્બલીંગ માટેનું પેઈજ ઓપન થયું હતું. પરિણામે તે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક ધાર્મિકને બોલાવી પુછપરછ કરતાં તેણે તે ગેમીંગના પ્રમોશન માટે રૂપિયા ચાર્જ કરતો હોવાનું જણાવ્યું હતું. જેના આધારે તેના વિરૂધ્ધ જુગાર ધારાની કલમ ૧૨-એ મુજબ ગુનો નોંધી ધરપકડ કરી હતી. સાથો-સાથ તેનો મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે બીજા ગુનામાં ઓનલાઈન જુગારને લગતી ગેમને સોશિયલ મીડિયા પર પ્રોત્સાહન આપવા અંગે સાયબર ક્રાઈમ પોલીસે સવારે ધાર્મિક વાઘાણી નામના



એક બાદ રાત્રે બીજા સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર દીપ મનોજભાઈ ગોસ્વામી (ઉ.વ.૨૩, રહે. તથ્ય બંગલો નં.૧૫, રેલનગર, રાજકોટ)ને મોબાઈલ ફોન સહિત સંદિગ્ધ સાહિત્ય સાથે ઝડપી લઈને તેના વિરૂધ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. તપાસનીશ પીઆઈ ઝણકાટે જણાવ્યું હતું કે ઓનલાઈન જુગારને લગતી ગેમને સોશિયલ મીડીયા ઉપર પ્રોત્સાહન આપવું ગુનો છે. જેના આધારે આ કેસમાં કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટમાં પહેલી વખત સાયબર ક્રાઈમ પોલીસે આ પ્રકારની કાર્યવાહી કરી છે.ઉલ્લેખનીય છે કે, આ રીતે ઓનલાઈન જુગારને લગતી ગેમનું અનેક સોશિયલ મીડીયા ઈન્ફલુએન્સર પ્રમોશન કરી તગડી કમાણી કરે છે. જોકે આજ સુધી પોલીસ આ બાબતે કોઈ કાર્યવાહી કરતી ન હતી.

# સગીર સંતાનોને વાહન આપનાર અને હાઈવે પર હેલમેટ નહિ પહેરનાર દંડાશે

## રેડ સેફટી કાઉન્સિલની બેઠકમાં અધિકારીઓને પોલીસ કમિશનરે આપી સુચના

મુખ્ય સમાચાર રાજકોટ

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાના અધ્યક્ષ સ્થાને રાજકોટ શહેર રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. શહેરમાં ટ્રાફિક નિયમન સુચારુ બને અને વાહન અકસ્માતમાં ઘટાડો થાય તે માટે રોડ એન્જિનિયરિંગ, સાઈનેજીસ અને પબ્લિક અવેરનેસના કાર્યક્રમો અસરકારક રીતે આગળ વધારવા પોલીસ કમિશનરે સંબંધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. બેઠકમાં ખાસ કરીને લાઈસન્સ વિના કોઈ ટીનેજર્સ વાહન ચલાવતા જોવા મળે તો તેમના વાલી વિરુદ્ધ કાર્યવાહી કરવા તેમજ હાઈવે પર હેલ્મેટ વગર વાહન ચલાવતા ચાલકો વિરુદ્ધ કામગીરી કરવા અધિકારીઓને સુચના અપાઈ હતી.

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત કરવામાં આવેલા વિવિધ કેસ અને જનજાગૃતિ અભિયાનની કામગીરીને બિરદાવી આ કામગીરી વધુ અસરકારક રીતે કરવા અને વાહન ચાલકો વારંવાર નિયમોનું ઉલ્લંઘન ના કરે તેમજ ટ્રાફિક સેન્સ કેળવાય તે મુજબ કામગીરી કરવા નિર્દેશ આપ્યા હતા. અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાએ હેવી હોર્ન સાથેનાં વાહન ચાલકો પર કાર્યવાહી, સીટબેલ્ટ બાબતે અવેરનેસ, રોડ પર અડચણરૂપ ટ્રાન્સફોર્મર દૂર કરવા, સાઈન બોર્ડ માર્કિંગ સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

શહેર ટ્રાફિક પોલીસ ડી.સી.પી પૂજા યાદવે તેમજ વાહન વ્યવહાર અધિકારી કેતન ખપેડે છેલ્લા ત્રણ માસમાં ટ્રાફિક ડ્રાઈવ અને માર્ગ સલામતી માસની



ઉજવણી અંતર્ગત સરકારી કચેરી ખાતે હેલ્મેટ વિરોધી ઝુંબેશ, શાળા કોલેજ ખાતે લાઈસન્સ, શહેરના જુના વિસ્તારમાં દબાણ હટાવ, જુદી જુદી શાળા કોલેજમાં જનજગૃતિ સહિતના કાર્યક્રમોની વિગત પૂરી પાડી હતી. બેઠકમાં મહાનગરપાલિકા,પી.જી.વી.સી.એલ., હાઈવે ઓથોરિટી સહિતના વિવિધ વિભાગ દ્વારા વિવિધ સ્તરે કરવમાં આવેલી કામગીરીની માહિતી પૂરી પડાઈ હતી.

આ તકે ડે. મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, જે.વી. શાહ, એ.સી.પી. સહિત વિવિધ વિભાગના અધિકારી, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાલપરી નદીના પટમાં ડિમોલિશન દબાણો પર બુલડોઝર ફરી વળ્યું



રાજકોટ જિલ્લા કલેકટરની સુચના અનુસાર છેલ્લા કેટલાક સમયથી શહેર અને જિલ્લામાં સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર ખડકાઈ ગયેલા દબાણોને હટાવવામાં આવી રહ્યા છે. ત્યારે જિલ્લામાં ડિમોલીશન ઝુંબેશ યથાવત રહેવા પામી છે. ત્યારે કલેકટર પ્રભવ જોશીના આદેશ મુજબ લાલપરી નદીનાં પટ્ટમાંથી નોનવેજની દુકાન ને અને ગોડાઉનનું દબાણ હટાવી પૂર્વ મામલતદારે રૂ.૫ કરોડની જમીન ખુલ્લી કરાવી દીધી હતી. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ શહેર પૂર્વે વિસ્તારમાં રાજકોટ અમદાવાદ નેશનલ હાઈવે તથા નવાગામ જવાના રસ્તા નજીક પુલ નીચે લાલપરી નદીના પટમાં સરકારી જમીન થયેલ જમીન ચો.મી. ૫૦૦ ઉપર આવેલ બિનઅધિકૃત બાંધકામ દૂર કરવામાં આવેલ છે. જે જમીનની અંદાજે બજાર કિંમત ૫ કરોડ જેવી થાય છે.આ જમીન ઉપર તલાટી ગ્રુપ ધારાબેન વ્યાસ અને સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા દ્વારા તા. ૮/૪/૨૦૨૫ના રોજ બાંધકામ દૂર કરવાની નોટીસ આપવામાં આવેલ હતી. છતાં દબાણકર્તા દ્વારા બાંધકામ દૂર ન કરતા મામલતદાર એસ.જે. ચાવડા, સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા, તલાટી ગ્રુપ-૨ ધારાબેન વ્યાસ મામલતદાર રાજકોટ (પૂર્વ) ટીમ દબાણ દૂર કરવામાં આવ્યું હતું. આ સરકારી જમીન ઉપર કેજીએન ચિકન અને ફિશની દુકાન તથા એક ગોહાઉન કાચું બાંધકામ તેમજ ટેમ્પરરી સ્ટ્રક્ચરનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

# શાસ્ત્રીમેદાનમાંથી ૨૪ કિલો ગાંજાના જથ્થા સાથે બેલડી ઝડપાઈ

## માદક પદાર્થ, બાઈક અને બે મોબાઈલ મળી ૨.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત

મુખ્ય સમાચાર રાજકોટ

રાજકોટમાં એસઓજીની ટીમે શાસ્ત્રીમેદાનમાંથી બે શખ્સોની ૨૪ કિલો ગાંજા સાથે ઝડપી લીધા હતાં. પોલીસે માદક પદાર્થ બાઈક અને ૨ મોબાઈલ મળી રૂા. ૨.૯૫.૬૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.


આ અંગેની જાણવા મળતી વિગત મુજબ શાસ્ત્રી મેદાન અંદર બે શખ્સો ગાંજાના જથ્થા સાથે ઉભા હોવાના બાતમીના આધારે એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજા, પીએસઆઈ એસ.બી. જાસુરા, હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રસિંહ ઝાલા, મૌલીકભાઈ સાવલિયા, દિગ્વીજયસિંહ ગોહિલ, ફિરોજભાઈ રાઠોડ, અરુણભાઈ બાંભણિયા, પોલીસ કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર, યોગેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ વાળા,



ધર્મેન્દ્રસિંહ ઝાલા અને મહાવીરસિંહ જાડેજા સહિતનાએ દરોડો પાડી કાર્તિક ઉર્ફે ભોલો કાનજીભાઈ ગોહેલ અને જીવા હાથિયાભાઈ ચુડાસમા (રહે. બન્ને રાજકોટ) ઝડપી લીધા હતાં. બન્ને શખ્સની તલાશી લેતા તેની પાસેથી રૂ. ૨૪૦૬૯૦ની કિંમતનો ૨૪.૦૬૯ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે માદક પદાર્થ, બાઈક, અને બે મોબાઈલ મળી રૂા. ૨૯૫૬૯૦નો મુદ્દામાલ કબ્જે કરી માદક પદાર્થ ક્યાંથી લાવ્યા અને ક્યાં સપ્લાય કરવાનો હતો. તે સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરી છે.

# ન્યારી ડેમમાં ન્હાવા પડેલી બાળકીને પેટમાં કાચ ઘુસી જતાં ગંભીર ઈજા

## આંતરડાની સિવીલ હોસ્પિટલમાં ત્રણ કલાક ચાલી સર્જરી



શહેરમાં મોટામવા વિસ્તારમાં રહેતી ૧૦ વર્ષની બાળકી માતા સાથે બકરા ચરાવવા ગઈ હતી ત્યારે કાળઝાળ ગરમીથી બચવા ૧૦ વર્ષની બાળકી ન્યારી ડેમમાં ન્હાવા પડી હતી. તે દરમિયાન બાળકીના પેટના ભાગે કાંચ વાગી જતાં આંતરડા બહાર નિકળી ગયા હતાં. લોહીલુહાણ હાલતમાં બાળકીની તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સર્જરી વિભાગના તબીબોએ ત્રણ કલાક સુધી માસુમ બાળકીનું ઓપરેશન કરી જીવ બચાવી લીધો હતો. આ અંગે ની વિગત મુજબ મોટામૌવા વિસ્તારમાં રહેતી હેમુ ઉર્ફેકેતન ચિકુભાઈ મંદુરિયા નામની ૧૦ વર્ષની બાળકી બપોરના સમયે ન્યારીડમમાં ન્હાવા પડી હતી ત્યારે પેટના ભાગે કાચ વાગી જતાં આંતરડા બહાર આવી ગયા હતાં.માસુમ બાળકીને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પુછપરછમાં ૧૦ વર્ષનીબાળકી તેની માતા સાથે બકરા ચરાવવા માટે ગઈ હતી. કાળઝાળ ગરમીથી બચવા બાળકી ન્યારીડમમાં ન્હાવા પડી હતી. ત્યારે બાળકીને પેટના ભાગે કાંચ વાગી જતાં આંતરડા બહાર આવી ગયા હતાં. માસુમ બાળકીને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં માત્ર ૨૦ મીનીટની પ્રાથમિક સારવાર આપ્યા બાદ બાળકીને તાત્કાલીક સર્જરી વિભાગમાં ઓપરેશન થીએટરમાં લઈ જવામાં આવી હતી. જ્યાં સર્જરી વિભાગના ડોક્ટર નિર્દેશ રંગપરિયા સહિતના સ્ટાફે ત્રણ કલાક સુધી ઓપરેશન ચલાવી બાળકીનો જીવ બચાવી લીધો હતો. તબીબોની કાબેલી દાદ કામગીરીથી પુત્રીનો જીવ બચતા પરિવારજનોએ તબીબોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શહેરમાં જુદા જુદા બે સ્થળે બે પરણિતાનો ગૃહક્લેશથી કંટાળી આપઘાતના પ્રયાસ

## અલગ અલગ ત્રણ જગ્યાએ પરણિતા સહિત ત્રણે ફિનાઈલ પી લેતા તબિયત લથડી


શહેરની ભાગોળે આવેલા હડાળા અને અમરગઢ ભીચરી ગામે રહેતી બે પરણીતાએ ગૃહ કલેશથી કંટાળી ફિનાઈલ પી લીધું હતું. આરધાતનો પ્રયાસ કરનાર બન્ને પરણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ હડાળા ગામે રહેતી નિશાબેન હર્ષદભાઈ પરમાર (ઉ.વ.૨૯) અને અમરગઢ ભીચરી ગામે રહેતી મોનીકાબેન મેહુલભાઈ હુંબલ (ઉ.વ.૨૮) પોતપોતાના ઘરે હતી ત્યારે ગૃહ કલેશથી કંટાળી ફિનાઈલ પી લીધું હતું. બન્ને પરણીતાનું ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. અન્ય બનાવમાં ભગવતીપરામાં આવેલી જયનંદનવન સોસાયટીમાં રહેતી ભાગ્યેશ્રીબેન રમેશભાઈ સોલંકી (ઉ.વ.૨૭) ધરમ નગર આવાસ યોજનાના ક્વાટરમાં રહેતા યશ પરસોતમભાઈ વાઘેલા (ઉ.વ.૨૦) અને આજી જીઆઈડીસીમાં આવેલા આંબેડકર નગરમાં રહેતા હિતેશ પુજાભાઈ પરમાર ઉ.વ.૨૩ પોતપોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્યકારણસર ફિનાઈલ પી લીધું હતું. ત્રણેયની તબીયત લથડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. ઉપરોક્ત બનાવ એંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કારખાનેદાર પાસેથી લુંટ ચલાવનાર રીઢા શખ્સની ધરપકડ કરતી ક્રાઈમ બ્રાન્ચ

## ભક્તિનગર સોસાયટીમાં ધોળા દિવસે છરીની અણીએ ૨.૬૨ લાખની ચલાવી હતી લુંટ

મુખ્ય સમાચાર રાજકોટ

શહેરની ભક્તિનગર સોસાયટીમાં ધોળા દિવસે એકસેસ પર આવેલા શખસે કારખાનેદારને છરી બતાવી રૂા.૨.૬૨ લાખની લૂંટ ચલાવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે પુનિતનગર પાણીના ટાંકા પાસે રહેતા અને અગાઉ ચોરી, લૂંટ સહિતના ૨૧ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા રીઢા આરોપી ઈમરાન કાદરીને ઝડપી લઈ લૂંટના આ બનાવવાનો ભેદ ઉકેલ નાખ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રોકડ રૂપિયા ૫૩ હજાર અને ચોરાઉ એકસેસ કબજે કર્યું હતું. વધુ વિગતો મુજબ, મવડીના ૮૦ ફૂટ રોડ પર રહેતા હરેશભાઈ ધીરજલાલ રાદડિયા (ઉ.વ.૪૦) માલધારી ફાટક પાસે વરૂ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ધરતી મેન્યુફેકચરિંગના નામથી ઘરઘંટીનું કારખાનુ ચલાવે છે. તેણે પોલીસને જણાવ્યું કે તા.૧૮/૪ સવારે ઘરેથી રૂા. ૨ લાખ લઈ કાર્ખાને પહોંચ્યા હતાં. જ્યાંથી ઢેબર રોડ પર પ્લેનરી આર્કેડમાં આવેલ શ્યામ આંગડિયામાંથી રૂા. ૫૦ હજાર લીધા હતા. આ રીતે રૂા. અઢી લાખ અટીકા ફાટક પાસે આવેલા શીતલ ઈલેક્ટ્રીક નામની પેઢી ધરાવતા વેપારીને આપવા બાઈક પર રવાના થયા હતા નાગરીક બેંક ચોક પાસેથી એકટીવાનાં ચાલકે બાઈક સાથે અકસ્માત કરી સાઈડમા ઉભા રહેવાનુ કહેતા ઢેબર રોડ પર પહોંચી ગયા હતા અને નુકસાનીનાં પૈસા માગવાનુ કહી છરી બતાવી અઢી લાખની લુંટ કરી હતી. આ ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે પણ તપાસ શરૂ કરી હતી.ડીસીબીના પીએસઆઈ એસ.વી.ચુડાસમા તથા તેમની ટીમ તપાસમાં



હોય દરમિયાન હેડ કોન્સ્ટેબલ કૃષ્ણદેવસિંહ ઝાલા, રાજેશભાઈ જળુ, હરસુખભાઈ સભાડ અને કોન્સ્ટેબલ તુલસીભાઈ ચુડાસમાને મળેલી બાતમીના આધારે લીમડા ચોક પાસે શાસ્ત્રી મેદાનના ગ્રાઉન્ડ પાસેથી રીઢા આરોપી ઈમરાન હાસમીયા કાદરી (ઉ.વ ૨૪ રહે. કર્મચારી સોસાયટી શેરી નંબર ત્રણ, પુનિતનગર પાણીના ટાંકા, પાસે ૧૫૦ ફ્ટ રીંગરોડ) ને ઝડપી લઈ લૂંટના આ બનાવવાનો ભેદ ઉકેલ નાખ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રોકડ રૂપિયા ૫૩ હજાર અને ચોરાઉ એકસેસ વાહન કબજે કર્યુ હતુ.આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ ડામોર, સી.એચ.જાદવની રાહબરી હેઠળ પીએસઆઈ એસ.વી.ચુડાસમા, એએસઆઈ અશોક કલાલ, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી, જનક કુગસિયા સહિતના સાથે રહ્યા હતા.

# પોપટપરા અને રેલનગર માં હાર્ટ એટેકથી આધેડ અને પ્રૌઢા નુ મોત



શહેરમાં મહિલા સહિત વધુ બે લોકોના હાર્ટએટેકથી મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઇ જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ પોપટપરા મેઈન રોડ પર ગાયત્રીંડરી સામે રહેતા વિજયભાઈ રવજીભાઈ સારદીયા (ઉ.વ.૪૮)નામના આધેડ પોતાના ઘરે હતા ત્યારે અચનાક બેભાન થઇ જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે જોઈ તપસી હાર્ટએટેકથી મોત થયાનું જાહેર કર્યું હતુ. આ અંગે પ્રનગર પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતક ચાર ભાઈ બે બહેનમાં નાના અને ડ્રાઈવીંગ કામ કરતા હતા તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. જયારે બીજા બનાવમાં રેલનગરમાં આવેલી ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપમાં રહેતા નીરાબેન દિનેશભાઈ વાલ્મીકી (ઉ.વ.૫૫) નામના મહિલા પોતાના ઘરે અચાનક બેભાન થઈ ઢળી પડતા તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનું સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યુ હતુ. વધુ તપાસમાં તેમનું હાર્ટએટેક આવી જતા મૃત્યુ થયાનું તબીબો દ્વારા જણાવ્યું છે. આ બનાવથી પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# વાલ્મીકી વાડીમા રિસામણે બેઠેલી ભાભીના સમાધાનમાં ગયેલી નણંદ ઉપર હુમલો થતાં કર્યો આપઘાતનો પ્રયાસ

## રિક્ષાચાલક યુવતીએ એસિડ અને ફિનાઈલ પી લેતા સારવારમાં ખસેડાઈ

જામનગર રોડ વાલ્મીકી વાડીમા રહેતી રીક્ષા ચાલક યુવતી રીસામણે બેઠેલી ભાભીનાં સમાધાન માટે ગઈ હતી ત્યારે ભાભી સહીતનાએ ઝઘડો કરી માર માર્યો હતો. જે અંગે રીક્ષા ચાલક યુવતીને લાગી આવતા એસીડ અને ફિનાઈલ પી લીધુ હતુ. યુવતીને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ પર વાલ્મીકી વાડીમા રહેતી કાજલબેન સંગેશભાઈ ઘાવરી નામની ૨૮ વર્ષની યુવતી પોતાનાં ઘરે હતી ત્યારે રાત્રીના સાડા દશેક વાગ્યાના અરસામા એસીડ અને ફીનાઈલ પી લીધુ હતુ. યુવતીને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવી હતી. પ્રાથીમક પુછપરછમા કાજલબેન ઘાવરી એકનાં એક ભાઈની એકની એક બહેન છે. રીક્ષા ચલાવી પરીવારને આર્થીક મદદ કરે છે કાજલબેન ઘાવરીની ભાભી નૈનાબેન હાલ તેના માવતરનાં ઘરે રીસામણે બેઠી છે. રીસામણે બેઠેલી ભાભીનાં સમાધાન માટે કાજલબેન ઘાવરી ગઈ હતી. ત્યારે ભાભી નૈનાબેન તેનાં ભાઈ અભી અને તેની માતા ઈલાબેને હુમલો કર્યો હતો. જે અંગે કાજલબેન ઘાવરીને માઠુ લાગી આવતા એસીડ અને ફીનાઈલ પી લીધ હોવાનો આક્ષેપ કરવામા આવ્યો છે. આક્ષેપનાં પગલે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપસ હાથ ધરી છે.